એક માગણી, એક જ લાગણી : દરેક બાળકને ગુજરાતી ફરજિયાતપણે ભણાવો જ ભણાવો

- માતૃભાષા દિન નિમિત્તે

જન્મદિને વધામણી

લિપ્સી કે ભટ્ટ

સિદ્ધાર્થ વાઘેલા

પી એલ અન્નમ
મો. ૯૯૭૮૯ ૨૫૦૫૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

શૈક્ષણિક અને સાંસ્કૃતિક ઈવેન્ટ 'સિરાજ ૨૦૧૬'નો દબદબાભેર પ્રારંભ

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ઍસ કે પટેલ ઇન્સ્ટીટ્યુટ ઑફ મૅનેજમૅન્ટ એન્ડ કૉમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા આયોજિત બે દિવસીય ઍકેડેમીક કમ કલ્ચરલ ઈવેન્ટ 'સિરાજ ૨૦૧૬'નો આરંભ આજે સવારે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે યુવા ગુજરાતી ફિલ્મ નિર્માતા-નિર્દેશક અભિષેક જૈન ઉપરાંત વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર ડી ટી કાપડિયા અને મૅનેજમેન્ટ વિભાગના ડીન ડૉ. ભાવિન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. અભિષેક જૈને વિદ્યાર્થીઓ સાથે વાત કરતાં જણાવ્યું હતું કે આજના યુવાનોની જિજ્ઞાસા અભિપ્રેરીત કરે તેવી છે, આજના યુવાનો પ્રશ્નો કરતાં શીખ્યા છે એ બહુ મહત્ત્વની બાબત છે, જે દર્શાવે છે કે તેમનામાં જ્ઞાનની ભૂખ જાગી છે. દરેકે આમ કરવું જોઈએ, નવું જાણવાની પ્રબળ ઈચ્છા રાખીને પ્રશ્નો પૂછતાં દરેક વિદ્યાર્થી, દરેક યુવાને શીખવું જોઈએ, એમ તેમણે ઉમેર્યું હતું. ડૉ. ભાવિન પંડ્યાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે સફળતા રાતોરાત નથી મળતી, એના માટે ભારે પરિશ્રમ કરવો પડે છે. **(તસવીર : કશ્યપ નિમાવત, અહેવાલ : અમિષા લિંબાચીયા)**

પાયાના સંસ્કારોને સાથે રાખી આગળ વધીએ

ગાંધીનગર, તા. ૨૦

માઉન્ટ કાર્મેલ સ્કુલ, સેક્ટ-૨૧, ગાંધીનગરના ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ શાળાનાં ઓડીટોરીમમાં યોજાઈ ગયો. જેમાં રેવરન્ટ નક્ષત્ર મેઉવા, સકસેસ કોચ દ્વારા વિદ્યાર્થીઓને ભાવિ માટે અત્યંત ઉપયોગી અને જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ધ્યાન દ્વારા નિર્ધારીત ધ્યેય સિદ્ધ કરવા અંગેની અદભૂત ટેકનીક વિદ્યાર્થીઓને શિખવવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓને ભૌતિક ધ્યેયની સાથે સાથે પાયાના સંસ્કારોને કાયમ સાથે રાખીને આગળ વધવાની સલાહ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રિંસીપાલ સીસ્ટર રેણુકા, સીસ્ટર સ્નેહાંજલી, સીસ્ટર રેણુકા, મુમતાઝ ટીચર તથા તમામ શિક્ષકો અને વિધાથીઓએ કાર્યક્રમને અંતે ખુબજ આનંદ અને ઉત્સાહની લાગણીનો અનુભવ કર્યો હતો. ત્યારબાદ માઉન્ટ કાર્મેલના વિદ્યાર્થીઓએ વિવિધ મનોરંજન અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી વાતાવરણને અત્યંત ઉત્સાહથી ભરી દીધું હતું.

પેથાપુર કુમાર શાળા નં. ૨ ખાતે માતૃભાષા દિનની ઉજવણી નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત વિદ્યાર્થીઓએ સાહિત્યકારોનાં ચિત્રો દોરીને તેમાં રંગપૂરણી કરી હતી. આ પ્રસંગે લેખક પરિચય વિષયે નિબંધ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શાળા લાયબ્રેરીનાં પુસ્તકોનું પ્રદર્શન પણ વિદ્યાર્થીઓએ રસપૂર્વક નિહાળ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધન આપવા ગાંધીનગર સમાચારના કટાર લેખક હિરેન ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકો સાથે માતૃભાષા અને તેના મહત્ત્વ વિશે બાળકોને રસ પડે એવી ભાષા અને શૈલીમાં વાત કરી હતી. ગુજરાતી ભાષા અને તેના મહત્ત્વ વિશે તેમણે વિદ્યાર્થીઓને વિગતે વાત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને માહિતી આપતાં જણાવ્યું હતું કે વિશ્વની માતૃભાષાઓમાં ગુજરાતીનો ક્રમ ૨૭મો છે અને યુનેસ્કો દ્વારા વિશ્વની સઘળી ભાષાઓને માન્યતા આપવામાં આવી છે. આ પ્રસંગે સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો તથા શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષક આશાબેને સંભાળ્યું હતું.

સોજા હાઈસ્કૂલે માતૃભાષા ગૌરવ દિન ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૦

કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા "શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા"ના ઉપક્રમે આજ રોજ 'વિશ્વ માતૃભાષા ગૌરવ દિન' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આધુનિક તકનિકી યુગમાં આપણી માતૃભાષા ગુજરાતી જ્યારે ભૂલાઈ રહી છે, ત્યારે આપણી સંસ્કૃતિ અને સાહિત્યને જાળવી રાખવી એ આપણી નૈતિક ફરજ બને છે. બાળક જન્મ બાદ સૌપ્રથમ જે ઉચ્ચારણ અભિવ્યક્ત કરે છે તે ભાષા અને સ્વપ્નો અનુભવ જે ભાષામાં થાય છે તે માતૃભાષા જ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પણ માતૃભાષાના શિક્ષણને પ્રાધાન્ય આપવા પર સવિશેષ ભાર મૂક્યો હતો. ગુજરાતી વિષયના નિષ્ણાત સારસ્વત સી. એમ. ઠાકોર, વી એન ચાવડાએ ગુજરાતી ભાષા, સાહિત્ય વિશે વિશદ સમજ વિદ્યાર્થીઓને આપી હતી.

સંજયભાઈ નાયક અને ચીમનભાઈ ઠાકોર દ્વારા વિવિધ પદો અને સાહિત્યિક રચનાઓનું સુંદર રસપાન કરાવાયું હતું.

નખશીખ પ્રામાણિક ફિલ્મ 'નીરજા'; નીડર નીરજા ભનોતને અમરત્વ આપશે

આખું વિશ્વ આજે જેને 'હિરોઈન ઑફ ધી હાઈજેક' તરીકે નવાજે છે એ ભારતના ચંદીગઢમાં જન્મીને મુંબઈમાં ઉછરેલી ૨૩ વર્ષની નીરજા ભનોત અમેરિકન એરલાઈન્સ પાન એમની પર્સર તરીકેની ફરજ દરમિયાન હાઈજેક્સ સાથે બાથ ભીડતાં વીરાંગનાને છાજે એ રીતે મૃત્યુને ભેટી... ભારત સરકારે નીરજા ભનોતને મરણોત્તર અશોક ચક્ર એવોર્ડથી સન્માનિત કરી છે. પાકિસ્તાન સરકારે 'તામઘા-એ-ઈન્સાનિયત' એવોર્ડ અર્પણ કર્યો છે. એમેરિકન સરકારે પણ વિશેષ બહાદુરી બદલ મરણોત્તર એવોર્ડ આપ્યો છે. આજે પણ ભારત સરકારનું ઉડ્ડયન મંત્રાલય નીરજા ભનોતના નામે એવોર્ડ આપે છે. નીરજા ભનોતના નામે ટ્રસ્ટ છે, જે દર વર્ષે બહાદુર મહિલાઓને નીરજા ભનોત એવોર્ડ આપે છે. ભારત સરકારના તાર-ટપાલ વિભાગે નીરજા ભનોતની સ્મૃતિમાં ટપાલ ટિકિટ બહાર પાડી છે અને મુંબઈમાં નીરજા ભનોતનું ઘર હતું, તે ઘાટકોપર (ઈસ્ટ) ના ચૉકને 'નીરજા ભનોત ચૉક' નામાભિધાન કરાયું છે... આ બધું તો અત્યાર સુધીમાં થઈ જ ગયું છે... આમ છતાં ઈતિહાસનું એક મહત્વનું પ્રકરણ બનીને, માત્ર વિતેલા યુગની વાત બનીને, એક પેઢી પુરતી જ સિમિત રહી જનારી એક બહાદુર કન્યા-નીરજા ભનોતની બહાદુર ગાથાને ફિલ્મ- 'નીરજા' સ્વરૂપે રજૂ કરીને દિગ્દર્શક રામ માધવાણી અને અભિનેત્રી સોનમ કપૂરે નીરજા ભનોતને આમ સમાજમાં મુકીને અમરત્વ આપ્યું છે. મારી દૃષ્ટિએ આ ફિલ્મ 'નીરજા' નીરજા ભનોતને આવનારી સદીઓ સુધી સમાજના સામાન્ય જન-જનમાં જીવંત રાખનાર સૌથી મોટું સન્માન છે.

જયારે-જયારે સત્ય ઘટનાઓ કે ઈતિહાસ પરથી ફિલ્મ બનાવવાની વાત આવે ત્યારે ફિલ્મ મેકર્સ 'સર્જનાત્મક સમાધાન'ના નામે છૂટછાટ લઈ જ લેતા હોય છે. તો કેટલાક વળી બોક્ષ ઑફિસનું બહાનું આગળ ધરીને બાંધછોડ કરી લેતા હોય છે. પરંતુ દિગ્દર્શક રામ માધવાણીને સલામ કરવાનું મન થાય કે નીરજા ભનોતની સત્ય ઘટનામાં ક્યાંય-જરા પણ છૂટછાટ લીધા વિના તેમણે નખશીખ પ્રામાણિક ફિલ્મ બનાવી છે, છતાં ટેકનિકલી પણ અદ્‌ભૂત અને પ્રેક્ષણીય ફિલ્મનું નિર્માણ કર્યું છે.

આજથી ૩૦ વર્ષ પહેલાં ઘટેલી સત્ય ઘટના ટૂંકમાં જ કહી દઉં... ૧૯૮૬ની પાંચમી સપ્ટેમ્બરે ૩૬૧ પેસેન્જર્સ અને ૧૯ ક્રુ મેમ્બર્સને લઈને જમ્બો જેટ બોઈંગ ૭૪૭ ફ્લાઈટ-૭૩ પરોઢે ૪.૦૦ વાગ્યે મુંબઈથી વાયા કરાંચી (પાકિસ્તાન) અને ફ્રેન્કફર્ટ (જર્મની) થઈને ન્યુયોર્ક જવા માટે ટેઈક ઑફ થઈ. ત્રણ અમેરિકન પાયલોટ અને ક્રુ મેમ્બર્સ ઉપરાંત આ ફ્લાઈટમાં ૪૧ એમરિકન નાગરિકો હતા. લિબિયા દ્વારા સમર્થિત આતંકવાદી સંગઠન અબુ નિદાલ ઑર્ગેનાઈઝેશનના આંતકવાદીઓએ અમેરિકન એરલાઈન્સને હાઈજેક કરીને ઈઝરાયલ લઈ જઈને બિલ્ડીંગ સાથે અથડાવી મારીને અમેરિકા સામે આંતક ફેલાવવાનું ષડયંત્ર રચ્યું હતું. પાન એમની ફ્લાઈટ સવારે ૬.૩૦ વાગ્યે કરાંચી પહોંચી. કરાંચી એરપોર્ટથી પાકિસ્તાનના મુસાફરો સાથે હથિયારધારી આતંકવાદીઓ પણ ચઢી ગયા અને તરત તેમણે પ્લેન હાઈજેક કરી લીધું હોવાની જાહેરાત કરી. અંધાધૂંધી ફેલાઈ ગઈ. ફ્લાઈટની હેડ પર્સર નીરજા ભનોતે કોકપીટમાં બેઠેલા પાયલોટ્સને તરત જ સંદેશો પાઠવી દીધો કે, પ્લેન હાઈજેક થઈ ગયું છે. આવા સંજોગોમાં અમેરિકન પાયલોટ્સ પોતાને મળેલી એન્ટી હાઈજેકીંગ તાલીમ પ્રમાણે કોકપીટ છોડીને દોરડા વાટે નીચે ઉતરી ગયા અને ટર્મિનલ તરફ દોડી ગયા. પાયલોટ વિનાના પ્લેનને હાઈજેક કેમ કરવું? આતંકવાદીઓ પણ દ્વિધામાં મુકાઈ ગયા. આવી સ્થિતિમાં શું કરવું એનો

ખ્યાલ આતંકવાદીઓને પણ નહીં હોય, એટલે એમણે કરાંચીથી પાયલોટની વ્યવસ્થા માટે ગ્રાઉન્ડ ઓથૉરિટી સાથે વાટાઘાટો ચાલુ રાખી અને સાથે પ્લેનના ઉતારૂઓને બાનમાં રાખવા આતંક પણ... આવી પરિસ્થિતિમાં સતત ૧૭ કલાક સુધી ફ્લાઈટની હેડ પર્સર નીરજા ભનોતે ખૂબ જ આત્મવિશ્વાસ, નીડરતા અને ધીરજ દાખવીને આતંકવાદીઓને સંયમમાં રાખ્યા, ૪૧ અમેરિકન ઉતારૂઓનો જીવ બચાવ્યો, બધા જ ઉતારૂઓ-ખાસ કરીને બાળકોની વિશષ કાળજી લીધી અને પેસેન્જર્સનો જીવ બચાવતાં-બચાવતાં, બાળકો પર વરસનારી બુલેટ્સને પોતાના પર ઝીલી લઈને શહીદી વહોરી લીધી. માનસિક રીતે પડી ભાંગેલા આતંકવાદીઓ પકડાઈ ગયા. આ ઘટનામાં ગુજરાતના તૃપ્તિબેન દલાલ, રૂપલબેન દેસાઈ અને અમેરિકા સ્થિત ગુજરાતી યુવાન રાજેશ સહિત કુલ ૨૦ લોકો માર્યા ગયા, જેમાં એક નીડર યુવતિ નીરજા ભનોત પણ હતી. ૧૨૦ પેસેન્જરને નાની-મોટી ઈજાઓ થઈ. ગાંધીનગરના સંગીતપ્રેમી નાગરિકો જેમને ખૂબ જ અંગત રીતે ઓળખે છે એવા અમદાવાદના જાણીતા ગાયક-સ્વરકાર-સંગીતકાર નયનભાઈ પંચોલી પણ આ ફ્લાઈટમાં હતા. આતંકવાદીઓએ ફેંકેલા હેન્ડ ગ્રેનેડની કરચોએ એમની એક આંખ બહાર કાઢી નાખી હતી. કરાંચીની હોસ્પિટલમાં યોગ્ય સારવાર નહીં મળવાથી નયનભાઈ પંચોલીએ કાયમ માટે એક આંખ ગુમાવવી પડી. ૩૬૦ પેસેન્જર્સના જીવ નીરજા ભનોત જેવી નિડર વિરાંગનાની બહાદુરીથી બચી ગયા.

પાન એમની પર્સર નીરજા ભનોતના પિતા હરીશ ભનોત મુંબઈમાં હિન્દુસ્તાન ટાઈમ્સ અખબારના પત્રકાર હતા. હરીશ ભનોત અને રમા ભનોતને બે દીકરા પછી અવતરેલી 'લાડો'-નીરજા ભનોત મંબઈની સેન્ટ ઝેવિયર્સ

કોલેજમાં ભણતી. અભ્યાસ દરમિયાન એક તસવીરકારે નીરજાની તસવીર લીધી. એક મેગેઝીનમાં છપાઈ અને આમ નીરજાના મોડેલીંગની શરૂઆત થઈ. માર્ચ-૧૯૮૫માં ૨૨ વર્ષની વયે માતા-પિતાએ શારજાહમાં રહેતા એન્જિનિયર કિશોર મિશ્રા સાથે નીરજાના લગ્ન કરી નાખ્યા. દહેજના મામલે કિશોર મિશ્રાએ ત્રાસ આપતાં માત્ર બે જ મહિનામાં નીરજા શારજાહથી પાછી મુંબઈ માતા-પિતા પાસે આવી ગઈ. પાન એમમાં અરજી કરી, પસંદ થઈ. ફ્લાઈટ એટેન્ડન્ટ તરીકેની તાલીમ લેવા મિયામી ગઈ અને આવડત-તેજસ્વીતાને કારણે ફ્લાઈટ પર્સર તરીકે પસંદગી પામીને પાછી આવી. ૭મી સપ્ટેમ્બર-૧૯૮૬એ નીરજા ભનોતને ૨૩ વર્ષ પુરાં થવાના હતા, જન્મદિવસના બે દિવસ પહેલાં પાંચમી સપ્ટેમ્બરે નીરજા ભનોત શહીદ થઈ ગઈ.

આ સત્ય ઘટનાને દિગ્દર્શક રામ માધવાણીએ જેમની તેમ ફિલ્મ સ્વરૂપે રજૂ કરી છે. સૈવ્યન કવૉદ્રાસ અને સંયુક્તા ચાવલા શેખે સત્ય ઘટના પરથી ફિલ્મની વાર્તા અને પટકથા લખી છે. ફરી એક વાર કહેવું પડે કે 'નીરજા' ફિલ્મના લેખન અને નિર્માણમાં સત્ય ઘટના પ્રત્યેની નખશીખ પ્રામાણિકતા દાખવવામાં આવી છે. દિગ્દર્શક રામ માધવાણી જાહેરખબરની દૂનિયામાં મોખરાનું નામ છે. એમણે બનાવેલી એડ ફિલ્મોને આંતરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતી મળી છે. 'નીરજા' એ રામ માધવાણીની દિગ્દર્શક તરીકેની પહેલી જ ફિલ્મ છે, છતાં એક દિગ્દર્શક તરીકેની તેમની કાબેલિયત ઊડીને આંખે વળગે છે. નીરજા ભનોતના ભૂતકાળને દર્શાવવા ફિલ્મમાં ફ્લેશબૅકનો આશ્રય લેવો જ પડે એવું છે, છતાં ફ્લાઈટ હાઈજેકીંગના થ્રીલીંગ દૃશ્યોની વચ્ચે આવતા ફ્લેશબૅક સીન પણ ફિલ્મની ગતિને અને મૂડને જરા પણ અવરોધતા નથી. એટલું જ નહીં. અમૂક દૃશ્યો વખતે તો ફ્લેશબૅક સીન ફિલ્મમાં જાન રેડે છે.

'નીરજા'નું મોટાભાગનું શૂટીંગ ફ્લાઈટમાં છે. આ માટે ૧૯૮૬ના સમયગાળાની પાન એમની ફ્લાઈટ જેવો જ સેટ તૈયાર કરાયો હતો. ૪૮ દિવસની સખત મહેનત પછી કૉકપીટમાં તે કાળના ઍનાલૉગ મીટર્સ વગેરે મૂકીને અદ્‌લ ફ્લાઈટ જેવો જ સેટ બનાવાયો હતો.

રામ માધવાણીએ આ પહેલાં એક અમેરિકન કંપની માટે અમિતાભ બચ્ચન પર એક ડૉક્યુમેન્ટરી ફિલ્મ 'એવરલાસ્ટીંગ લાઈટ' બનાવી છે. આ ફિલ્મથી સ્વયં અમિતાભ બચ્ચન તો પ્રભાવિત થયા જ હતા, પરંતુ અમેરિકાના એક નિર્માતાએ આ ડૉક્યુમેન્ટરીની 'એક આર્ટીસ્ટના જીવન પરની આ ડૉક્યુમેન્ટરી જાતે પણ એક આર્ટના બેનમૂન નમૂનાથી કમ નથી' એમ કહીને સરાહના કરી હતી. આવા રામ માધવાણીએ 'નીરજા' માં ખરેખર કમાલ કરી છે. ફિલ્મના અંતમાં મહામૃત્યુંજય મંત્ર-' ૐ ત્ર્યંબકં યજામહે..' નું સતત ગાન છે. એક વીર શહીદની ફિલ્મના અંતે મહામૃત્યુંજય મંત્રનો જાપ હોય એથી યથાર્થ બીજું શું હોઈ શકે...!

'નીરજા' તરીકે સોનમ કપૂરે પણ કમાલ કરી છે. એવું કહી શકાય કે સોનમ કપૂરે એટલો શ્રેષ્ઠ અભિનય કર્યો છે કે, 'નીરજા' માં કોઈ હિરોઈન નહીં પણ ખરેખર કોઈ ફ્લાઈટ પર્સર જ હોય એટલી સહજતા તેના અભિનયમાં છે. 'નીરજા' એ સોનમ કપૂરની અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ ભૂમિકા અને સર્વશ્રેષ્ઠ અભિનય હશે. નીરજાના પાત્રને રાજેશ ખન્નાની ફેન તરીકે રજૂ કરીને ફિલ્મ 'આનંદ' અને 'અમરપ્રેમ' ની ફિલોસૉફીને પણ સુંદર રીતે જોડી દેવામાં આવી છે.

નિવડેલાં અભિનેત્રી શબાના આઝમીએ પણ 'નીરજા'માં જીવ રેડ્યો છે. 'નીરજા'ની મા-રમા ભનોતના પાત્રને શબાના આઝમીએ જીવંત કરી દીધું છે. દીકરીના જન્મ દિવસે જ દીકરીનો મૃતદેહ આવે છે, એ દૃશ્ય અને ફિલ્મના અંતે નીરજા વિષેનું વકતવ્ય આપવાના દૃશ્યને તો શબાના આઝમીના બેમિસાલ અભિનયે ચાર ચાંદ લગાડી દીધા છે. નીરજાના પિતાની ભૂમિકામાં યોગેન્દ્ર ટીકુ અને નીરજાના બોયફ્રેન્ડ જયદીપના પાત્રમાં સંગીતકાર જોડી વિશાલ-શેખરવાળા કચ્છી ભાટિયા શેખર રવજિયાણીએ પણ નોંધપાત્ર અભિનય કર્યો છે. મિતેશ મિરચંદાણીની સિનેમેટોગ્રાફીએ 'નીરજા'ને અન્ય ફિલ્મોથી થોડી નોખી પાડી છે. કેમેરામેન મિતેશ મિરચંદાણીએ આ ફિલ્મમાં ઘણા દૃશ્યોમાં 'હેન્ડ હેલ્ડ કેમેરા'નો ઉપયોગ કર્યો છે. આવું કામ પસંદગીના અમૂક દૃશ્યોને વિશેષ બનાવી શકયું છે. મોનીષા આર. બલધાવાનું એડીટીંગ, વિશાલ ખુરાનાનું મ્યુઝિક અને ગીતકાર પ્રસુન્ન જોષીના ગીતો માત્ર જરૂરિયાત પુરતા છે.

'નીરજા' ની વાર્તા આપણે બધા જ જાણીએ છીએ, છતાં ફિલ્મમાં છેક છેલ્લા દૃશ્ય સુધી આતુરતા-ઉત્સુકતા અને થ્રીલ જળવાઈ રહે એ મોટી ઉપલબ્ધિ કહેવાય. સત્ય ઘટનાને જ વળગી રહીને રસપ્રદ ફિલ્મ બનાવવી એ પણ અઘરું કામ છે. સોનમ કપૂરના જાનદાર અભિનય, શબાના આઝમીના શાનદાર અભિનય અને રામ માધવાણીના દમદાર દિગ્દર્શનને કારણે 'નીરજા' ફિલ્મ પણ નીરજા ભનોતની જેમ જ આપણી સલામીની હદાર છે. આવનારી પઢીઓ માટે પ્રેરણાદાયી એવી આ ફિલ્મ આપણને ચોસ ગમશે એમાં બે-મત નથી.